GJSK050024452025

મળ્યા તારીખ :–૦૪–૧૦–૨૦૨૫
નોંધ્યા તારીખ :–૦૬–૧૦–૨૦૨૫
ફેંસલ તારીખ :– ૨૯–૦૬–૨૦૨૬
અવધિ: ૦–વર્ષ ૦૮–માસ ૨૩–દિવસ

**મે. પ્રિન્સિપાલ સીનીયર સીવીલ જજ સાહેબની કોર્ટમાં, મુ.ખેડબ્રહમા.**

**<u>સમરી દાવા નં.૦૧/૨૦૨૫</u>**

**<u>આંક :–</u>**

વાદી : **ચીરાગ રોયલ ફેશન હબના માલીક**
**સોહનલાલ શંકરલાલ ગોયલ**
ઉ.આ.વ.૭૩, ધર્મ–હિન્દુ, ધંધો–વેપાર,
રહે.સરદાર ચોક, ખેડબ્રહમા, તા.ખેડબ્રહમા, જી.સાબરકાંઠા.

**વિરુધ્ધ**

પ્રતિવાદી : **કમલેશકુમાર અમૃતલાલ પંચાલ**
ઉ.આ.વ.૭૫, ધર્મ–હિન્દુ, ધંધો–નોકરી,
રહે.મુ.વાવકંપા, તા.મેઘરજ, જી.અરવલ્લી

દાવો : **<u>રૂા.૨૨,૮૦૦/– ના આંકથી લેણી રકમ વસુલ મેળવવા માટેનો..</u>**

---

**વાદી તરફે વિ.વ.શ્રી એસ.એસ. પંચોલા**
**પ્રતિવાદી તરફે વિ.વ.શ્રી – એક તરફી**

---

**<u>–:: ઠરાવ ::–</u>**

(૧) વાદીના દાવાની હકિકત ટુંકમાં એવી છે કે, વાદી ઉપરોકત જણાવેલ સરનામે ચીરાગ રોયલ ફેશન હબ નામે પેઢી ધરાવી રેડીમેઈડ કપડાનો હોલસેલ

તેમજ રીટેઈલ વેપાર તથા કપડાં શીવવાનું કામકાજ કરે છે. જયારે પ્રતિવાદીના પત્ની ખેડબ્રહમા મુકામે શિક્ષક તરીકે નોકરી કરતા હોય જેથી પ્રતિવાદી અવારનવાર ખેડબ્રહમા મુકામે આવતા જતા હોઈ બંને વચ્ચે વિશ્વાસજન્ય સંબંધો કેળવાયેલા. જેથી ઉપરોકત સંબંધોના કારણે પ્રતિવાદી વાદીની ઉપરોકત પેઢીએ આવેલા અને પેઢીએથી બાકીમાં રૂા.૨૨,૮૦૦/– (અંકે રૂપિયા બાવીસ હજાર આઠસો પુરા) નો બીલ નં.૧૦૬૬, તા.૨૮/૦૩/૨૦૨૫ ના રોજ માલસામાન લઈ ગયેલ અને સદર રકમ પરત કરવા સારૂ આ કામના પ્રતિવાદીએ તેમનું ખાતું ચાલતી સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા, મોડાસા શાખાનો ચેક નં .૮૦૬૪૬૧ નો ફરીયાદીની પેઢી ચીરાગ રોયલ ફેશન હબના નામનો રૂા.૨૨,૮૦૦/– નો તા.૧૩/૦૫/૨૦૨૫ ના રોજનો તેમની સહી કરીને આપેલ અને જણાવેલ કે સદર ચેક ની તારીખે ચેક બેંકમાં ભરશો એટલે તમોને તમારા નાણા મળી જશે તેવો પાકો વિશ્વાસ અને ભરોશો આપેલ જેથી વાદીએ સદર ચેક સ્વીકારેલો અને પ્રતિવાદીને બાકીમાં માલ આપેલો. ત્યાર બાદ સદર ચેક વાદીએ પેઢીનું ખાતું ચાલતી બેંકમાં પાકતી તારીખે કલીયરીંગ માટે તા.૧૩/૦૫/૨૦૨૫ ના રોજ રજુ કરેલ પરંતુ ચેકની રકમ જેટલું ભંડોળ પ્રતિવાદીના ખાતામાં ન હોવાથી સદર ચેક બેંક રીટર્ન મેમાના કારણ ''અનશફીશીયન્ટ ફંડ'' ના શેરા સાથે તા.૧૪/૦૫/૨૦૨૫ ના રોજ પરત થયેલ. જેથી વાદીએ પ્રતિવાદીને આ બાબતની જાણ કરતા તેઓ રૂબરૂ મળી ગયેલા અને કહેલ કે હાલ મારી પાસે પૈસાની સગવડ ન હોવાના કારણે સદર ચેક રીટર્ન થયેલ છે, પરંતુ તમો સદર ચેક રીટર્ન બાબતે કોઈ જ કાર્યવાહી કરશો નહી હું તમોને ટુંક સમયમાં પેમેન્ટ આપી દઈશ અને સદર ચેક પરત લઈ જઈશ તેવો પાકો વિશ્વાસ અને ભરોસો આપેલ. જેથી વાદીએ ચેક બાબતે કોઈ જ નોટીસ પણ પ્રતિવાદીને મોકલાવેલ નહી તેનો લાભ ઉઠાવી પ્રતિવાદીએ સમય પસાર કરી નેગો. ઈન્સ્ટ્રુ. એકટની કલમ–૧૩૮ મુજબની નોટીસનો સમયમર્યાદા પુરી કરી દીધેલ. જેથી વાદી પ્રતિવાદી વિરૂઘ્ધ નેગો. ઈન્સ્ટ્રુ. એકટની કલમ–૧૩૮ મુજબની કોઈ કાર્યવાહી કરી શકેલ નહી. આમ પ્રતિવાદીએ વાદીની પેઢી માંથી બાકીમાં માલ સામાન ખરીદ કરી લઈ જઈ તે માટે તેમના ખાતાનો ચેક

આપી સદર ચેક રીટર્ન કરાવી ત્યાર બાદ સદર રકમ આપવી ન પડે તેવા આશય થી ખોટે ખોટા વાયદા કરી સમય પસાર કરેલ હોય તેમજ સદરહુ ચેકની કાયદેસરની લ્હેણી રકમ માટે વારંવાર ઉઘરાણી કરવા છતા આજદિન સુધી રકમ વસુલ આપેલ નથી.આમ, વાદીનાઓ પ્રતિવાદીની પાસેથી કાયદેસરની લ્હેણી રકમ રૂા.૨૨,૮૦૦/– પુરા ૧૮% વ્યાજ સહીત વસુલ મેળવવા હકકદાર બનેલ છે અને પ્રતિવાદીને વારંવાર ઉઘરાણી કરવા છતાં આજદિન સુધી કોઈ રકમ ચુકવી આપેલ નથી. જેથી પ્રતિવાદી પાસે લ્હેણી રકમ વસુલ મેળવવા હાલનો દાવો કરવાની જરૂરીયાત ઉપસ્થિત થયેલ છે.

**(૧.૧)** ઉપરોકત મુજબની હકિકતો જણાવી વાદીએ દાદ માંગેલ છે કે, દાવા અરજીમાં જણાવ્યા મુજબની લેણી રકમ રૂા.૨૨,૮૦૦/– (અંકે રૂપિયા બાવીસ હજાર આઠસો પુરા) નો બાકીમાં માલ આ કામના પ્રતિવાદીને તા.૨૮/૦૩/૨૦૨૫ ના રોજ આપેલ ત્યારથી વાર્ષિક ૧૮ % લેખે વ્યાજ સહતિ વસુલ લઈ શકે તેવુ હુકમનામુ વાદીની તરફેણમાં તથા પ્રતિવાદીની વિરુધ્ધ ફરમાવવા તથા નામ. કોર્ટને યોગ્ય લાગે તેવી આનુસાંગીક દાદ અપાવવા અરજ કરેલ છે.

**(૨)** વાદીએ દાવો દાખલ કરતાં પ્રતિવાદીને દાવા અરજી સંબંધે ઓર્ડર–૩૭ પ્રમાણેનો સમરી સ્યુટનો સમન્સ બજતા તેમને એપરીયન્સ આપેલ નથી કે તેમનું સરનામું રજુ કરેલ નથી. આ કામના પ્રતિવાદીને બજેલ સમન્સ/નોટીસ આ કામે આંક:–૫ થી રજુ થયેલ છે. પ્રતિવાદી તરફે કોઈ હાજર નહી રહેતા મુ.તા. ૧૦/૦૨/૨૦૨૬ ના રોજ પ્રતિવાદી વિરૂધ્ધ સદર દાવો એકતરફી ચલાવવાનો હુકમ કરવામા આવેલ છે.

**(૩)** આ કામે વાદી તરફે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

**<u>મૌખિક પુરાવો :–</u>**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧. | વાદી સોહનલાલ શંકરલાલ ગોયલનુ સરતપાસનું સોગંદનામું | ૦૭ |

<u>**દસ્તાવેજી પુરાવો :–**</u>

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧. | બીલ નં.૧૦૬૬ થી માલ ખરીદ કરેલ તે બીલ અસલ | ૦૯ |
| ૨. | અસલ ચેક | ૧૦ |
| ૩. | અસલ રીટર્ન મેમો | ૧૧ |
| ૪. | વાદીની પેઢીની નોંધણીનું પ્રમાણપત્ર | ૧૨ |

ત્યારબાદ વાદીઓ તર્ફે આંક–૧૩ થી પુરાવો પુરો થયા અંગેની પુરસીસ રજુ કરી પુરાવો પુરો થયેલ હોવાનું જાહેર કરેલ છે.

(૪) આ કામે વાદી તરફે વિ.વ.શ્રી એસ.એસ.પંચોલા ની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે.

(૫) સદર દાવાના ન્યાયીક નીર્ણય માટે આંક–૬ થી નીચે મુજબના મુદ્દા ઘડવામાં આવેલ છે.

**:: મુદ્દા ::**

૧. શું વાદી સાબીત કરે છે કે, વાદી ચિરાગ રોયલ ફેશન હબ ના નામે પેઢી ધરાવી રેડીમેઈડ કપડાનો હોલશેલનો તેમજ રીટેઈલ વેપાર કરે છે?

૨. શું વાદી સાબીત કરે છે કે, પ્રતિવાદીએ વાદીની પેઢી માંથી તા. ૨૮/૦૩/૨૦૨૫ ના રોજ રૂ. ૨૨,૮૦૦/– નો ઉધારમાં માલ ખરીદ કરેલ છે.?

૩. શું વાદી સાબીત કરે છે કે, પ્રતિવાદીએ વાદીને માલની લ્હેણી રકમ પેટે પોતાના બેંક એકાઉન્ટનો રૂ. ૨૨,૮૦૦/– નો તા. ૧૩/૦૫/૨૦૨૫ ના રોજનો ચેક લખી આપેલો?

૪. શું વાદી સાબીત કરે છે કે, પ્રતિવાદીએ લ્હેણી રકમ પેટે લખી આપેલ ચેક પ્રતિવાદીના ખાતામાં પુરતુ બેલેન્સ ના હોય વણ સ્વીકારે પરત ફરેલ છે?

૫. શું વાદી લ્હેણી રકમ ૧૮ ટકા વ્યાજના દરે વસુલ મેળવવા હકદાર છે?

૬. શું વાદી દાવા અરજમાં માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે?

૭. શું હુકમ અને હુકનામું?

**(૬)** ઉપરોકત મુદ્દાઓ પરત્વેના મારા ઉત્તરો નીચે મુજબ છે.

(૧) હકારમાં.

(૨) હકારમાં.

(૩) હકારમાં.

(૪) હકારમાં.

(૫) હકારમાં.

(૬) હકારમાં.

(૭) આખરી હુકમ મુજબ.

**:: કા ર ણો ::**

**મુદ્દા નં.૧ થી ૬ ની સંયુકત ચર્ચા:–**

**(૭)** ઉપરોકત તમામ મુદ્દાઓની હકીકત એકબીજા સાથે પરસ્પર સંકળાયેલ હોય સરળતા ખાતર તેમજ પુરાવાનુ પુનરાવર્તન ટાળવા સારુ તમામ મુદદાની એક સાથે ચર્ચા કરવામાં આવેલ છે. વાદીએ તેઓના દાવા ના સમર્થનમાં આંક:–૦૭ થી સરતપાસનુ સોગંદનામુ રજુ કરી દાવા અરજીની હકીકતોને સમર્થન આપેલ છે. વાદીની પ્રતિવાદી તરફે કોઈ ઉલટ તપાસ કરવામા આવેલ નથી. વાદીએ હાલનો દાવો સી.પી.સી. ઓર્ડર ૩૭ ની જોગવાઈ મુજબ દાખલ કરેલ છે. સદરહુ જોગવાઈ ધ્યાને લેતા નીચે મુજબ જોગવાઈ કરવામા આવેલ છે.

**(૮)** વાદીના દાવા સબબ કાયદાકીય જોગવાઈ :–

**Order 37 :-**

2. Institution of summary suits upon billy of exchange,etc.-

(1) All suits upon bills of exchange, hundis or promissory notes may, in case the plaintiff desires to proceed hereunder, be instituted by presenting a

plaint in the form prescribed; but the summons shall be in Form No.4 in Appendix b or in such other form as may be from time to time prescribed.

(2) In any case in which the paint and summons are in such forms, respectively, the defendant shall not appear or defend the suit unless he obtains leave from a Judge as hereinafter provided so to appear and defend;and, in default of his obtaining such leave or of his appearance and defence in pursuance thereof, the allegations in the paint shall be deemed to admitted, and the plaintiff shall be entitled to a decree-

{Subs.by Act 30 of 1926, s.4, for the original words.} [(a)for the principal sum due on the instrument and for interest calculated in accordance with the provisions of section 79 or section 80, as the case may be, of the Negotiable Instruments Act,1881, up to the date of the institution of the suit, or for the sum mentioned in the summons, whichever is less, and for interest up to the date of the decree at the same rate or at such other rate as the Court thinks fit ; and

(b) for such subsequent interest, if any, as the Court may order under section 34 of this Code ; and

(c) for such sum for costs as may be prescribed.
Provided that, if the plaintiff claims more than such fixed sum for costs, the costs shall be ascertained in the ordinary way.

(3) A decree passed under this rule may be executed forthwith].

(૯) આમ ઉપરોકત મુજબની કાયદાકીય જોગવાઈ ધ્યાને રાખી વાદી તરફે રજુ થયેલ દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતા વાદી તરફે આંક:– ૯ થી ચિરાગ રોયલ ફેશન હબનુ તા. ૨૮/૦૩/૨૦૨૫ ના રોજનુ બીલ નં. ૧૦૬૬ રજુ કરેલ છે જે બીલ ધ્યાને લેતા આ કામના પ્રતિવાદીએ વાદીની પેઢી માંથી રૂ. ૨૨,૮૦૦/– નો માલ ખરીદ કરેલ હોવાનુ જણાઈ આવે છે. વાદી તરફે આંક:–૧૦ થી રજુ થયેલ ચેક ધ્યાને લેતા આ કામના પ્રતિવાદીએ પોતાના બેંક એકાઉન્ટનો તા. ૧૩/૦૫/૨૦૨૫ ના રોજનો વાદીને લ્હેણી રકમ પેટે રૂ. ૨૨,૮૦૦/– નો ચેક લખી આપેલ હોવાનુ જણાય છે. સદર ચેકમાં પ્રતિવાદીની સહી છે. વાદી તરફે આંક:–૧૧ થી રજુ કરેલ ચેક રીટર્ન મેમો ધ્યાને લેતા પ્રતિવાદીએ વાદીને લખી આપેલ ચેક વાદીએ તેઓની પેઢીના બેંક એકાઉન્ટમાં જમા કરાવતા પ્રતિવાદીના ખાતામાં પુરતુ બેલેન્સ ન હોય તા. ૧૬/૦૬/૨૦૨૫ ના રોજ વણ સ્વીકારે પરત ફરેલાનુ જણાઈ આવે છે. વાદી તરફે આંક:–૧૨ થી રજુ થયેલ શોપ ઈન્સ્પેકટર નગરપાલીકા ખેડબ્રહમા તરફ થી આપવામા આવેલ સંસ્થાની નોંધણી

અંગેનુ પ્રમાણપત્ર ધ્યાને લેતા વાદી ચિરાગ રોયલ ફેશન હબ ના નામે મોદી માર્કેટ, સરદારચોક, ખેડબ્રહમામાં દુકાન ધરાવે છે તેવુ જણાઈ આવે છે. આમ વાદી તરફે રજુ થયેલ સમગ્ર પુરાવો ધ્યાને લેતા આ કામના પ્રતિવાદીએ વાદીની પેઢી માંથી રૂ. ૨૨,૮૦૦/– નો માલ ખરીદી તેની લ્હેણી રકમ પેટે ચેક લખી આપેલો અને સદર ચેક વાદીએ પોતાની પેઢીના બેંક એકાઉન્ટમાં જમા કરાવતા સદર ચેક પ્રતિવાદીના બેંક એકાઉન્ટમાં પુરતુ બેલેન્સ ન હોવાથી પરત ફરેલ હોવાનુ સ્પષ્ટપણે પુરવાર થાય છે.

(૧૦) આમ, વાદી તરફે રજુ થયેલ મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતાં, આમ, આ કામે વાદીની કાયદેસરની લેણી રકમ પેટે પ્રતિવાદીએ તેમના ખાતાનો ભારતીય સ્ટેટ બેંક, મોડાસા શાખાનો તા.૧૩/૦૫/૨૦૨૫ નો રૂા.૨૨,૮૦૦/– નો ચેક નં .૮૦૬૪૬૧ નો ચેક લખી આપેલ. જે ચેક ફંડ ઈનશફીશીયન્ટના શેરા સાથે પરત આવેલ. આ કામના પ્રતિવાદીએ વાદીને આજદિન સુધી કોઈ રકમ ચુકવી આપી હોય તેવો કોઈ દસ્તાવેજી પુરાવો અત્રેની કોર્ટમાં હાજર થઈ આ કામે રજુ રાખેલ નથી. આ કામના પ્રતિવાદીએ વાદી વિરુધ્ધ આજદિન સુધી કોઈપણ પ્રકારની કાયદાકીય કાર્યવાહી કરેલ નથી. વાદી તરફે રજુ થયેલ તમામ દસ્તાવેજી પુરાવાઓ પૈકી કોઈ પુરાવાને કે વાદીના આક્ષેપોને આ કામના પ્રતિવાદીએ કોઈ જ રીતે ચેલેન્જ કરેલ નથી કે વાંધો દર્શાવેલ નથી. તેવા સંજોગોમાં વાદીની દાવા અરજીના કથનોને સંપૂર્ણપણે સમર્થન મળે છે. તેમજ જયારે પ્રતિવાદીને સમરી સ્યુટનો સ્પેસીફીક સમન્સ ધોરણસર બજી ગયેલ હોવા છતાં નામ. અદાલત સમક્ષ હાજર રહેલ નથી ત્યારે સી.પી.સી. ની સદરહુ જોગવાઈ જોતાં સમન્સમાં જણાવેલ કરતા વધુ ના હોય તેવી રકમ વસુલ મેળવવા અને તે અંગેનું હુકમનામું મેળવવા વાદી હકકદાર બને છે. આમ, વાદી તેમનું કાયદેસરનું લેણું સાબિત કરવામાં સફળ રહેલ છે. વાદીએ પોતાની દાદમાં લ્હેણી રકમ ઉપર ૧૮ % વ્યાજની માંગણી કરેલ છે. પરંતુ વાદી અને પ્રતિવાદી વચ્ચે વ્યાજ અંગે કોઈ શરતો અગાઉથી નકકી થયેલ હોવાનું જણાતું નથી કે આ કામે વાદીએ રજુ કરેલ પુરાવા ધ્યાને લેતાં સદર પુરાવામાં પણ લ્હેણી રકમ ઉપર વ્યાજ અંગે કોઈ સ્પષ્ટતા કરવામા આવેલ હોય તેવુ જણાતું નથી તેવા સંજોગોમાં

વાદીએ માંગેલ ૧૮ % વ્યાજ વધારે જણાઈ આવે છે. જેથી વાદીએ માંગ્યા મુજબનો વ્યાજ દર આપી શકાય નહી. પરંતુ સીવીલ પ્રોસીજર કોડની કલમ–૩૪ ધ્યાને રાખતાં અને બંને પક્ષકારો વચ્ચે થયેલ વ્યવહારો જોતાં તેમજ રાષ્ટ્રીયકૃત બેંકના હાલના વ્યાજના દરો ધ્યાને લેતા અને કેસના સંજોગો ધ્યાને લેતાં વાદીને લ્હેણી રકમ રૂા.૨૨,૮૦૦/– (અંકે રૂપિયા બાવીસ હજાર આઠસો પુરા) ઉપર ચેક લખી આપ્યા તા. ૧૩/૦૫/૨૦૨૫ થી વાર્ષિક ૯% ના સાદા વ્યાજના દરે રકમ ચુકવી અપાવવી વ્યાજબી અને ન્યાયોચિત જણાઈ આવતું હોઈ નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**<u>–: હુકમ :–</u>**

(૧) વાદીનો સમરી દાવો અંશત: મંજુર કરવામાં આવે છે.

(૨) આ કામના વાદીનાઓ પ્રતિવાદી પાસેથી બાકી કાયદેસરના લ્હેણાં પેટે રૂા.૨૨,૮૦૦/– (અંકે રૂપિયા બાવીસ હજાર આઠસો પુરા) વાર્ષિક ૯% ના સાદા વ્યાજ ના દરે ચેક લખ્યા તા.૧૩/૦૫/૨૦૨૫ થી વસુલ થતાં સુધી ચઢેચઢી રકમ પ્રતિવાદીની સ્થાવર તેમજ જંગમ મિલકતમાંથી વસુલ લેવા હકકદાર છે તેવો હુકમ કરવામાં આવે છે.

(૩) ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

(૪) હુકમ મુજબ હુકમનામુ દોરવું.

આ હુકમ આજ તા.૨૯ મી, માહે જુન, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કરવામાં આવ્યો.

તા.૨૯/૦૬/૨૦૨૬
સ્થળ : ખેડબ્રહમા.

**( કે. જે. રાઠોડ )**
પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ,
ખેડબ્રહમા.
**JUDGE CODE NO.GJ00875**

//A.B.K.//